પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૦૩ | ૨ ઓક્ટોબર, ૨૦૧૭, સોમવાર ; આસો સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### નારાયણ રાણની નવા રાજકીય પક્ષની જાહેરાત

મુંબઈ, તા.૧

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના બળવાખોર નેતા નારાયણ રાણેએ અનેક પ્રકારની અટકળો વચ્ચે આજે પોતાની નવી પાર્ટીની જાહેરાત કરી દીધી હતી. રાણેએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, તેઓએ નવી પાર્ટી બનાવવાનો નિર્ણય લઈ લીધો છે. આ પાર્ટીનું નામ મહારાષ્ટ્ર સ્વાભિમાન પક્ષ રહેશે.

નારાયણ રાણેની આ પાર્ટી એનડીએનો હિસ્સો રહેશે જે થોડાક દિવસ પહેલા જ સ્પષ્ટ થઈ ગયું છે. આ રીતે નારાયણ રાણે ભાજપમાં સામેલ ન થઈને ભાજપને બહારથી સમર્થન આપશે. નારાયણ રાણેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જુઠ્ઠાણાના આક્ષેપ કરનાર લોકોની પણ જોરદાર ઝાટકણી કાઢી હતી. તાજેતરમાં જ કોંગ્રેસ પાર્ટી અને વિધાન પરિષદના સભ્યપદેથી રાજીનામુ આપી દીધા બાદ એવી અટકળો ચાલી રહી હતી કે, રાણે ભાજપમાં સામેલ થઈ જશે.

### કરજત લોકલ પાટા પરથી ઉતરી

મુંબઈના છત્રપતિ શિવાજી ટર્મીનલ રેલવે સ્ટેશન પાસે કરજત લોકલ ટ્રેન પાટા પરથી ઉતરી પડી છે. જોકે આ દુર્ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

# જીએસટીના સ્લેબમાં ઘટાડાના અણસાર

**રેવેન્યુમાં તેજી આવ્યા બાદ ઘટાડો થઇ શકે છે : તમામ ક્ષેત્રોમાં વધુ સુધારા માટે અવકાશ રખાયા : વિકાસ માટે માંગ કરનાર જરૂર પડવા ઉપર કિંમત ચુકવવી પડશે : અરૂણ જેટલી**

ફરિદાબાદ, તા.૧

નાણામંત્રી અરુણ જેટલીએ આજે સંકેત આપ્યો હતો કે, જીએસટી સ્લેબમાં ઘટાડો કરવા માટે અવકાશ છે. આમા ઘટાડો કરવામાં આવી શકે છે પરંતુ રેવેન્યુની બાબત મુખ્યરીતે આધાર રાખે છે. એક કાર્યક્રમમાં બોલતા જેટલીએ કહ્યું હતું કે, અમે દરેક પગલા પાછળ સુધારાની જગ્યા રાખી રહ્યા છે. પરિસ્થિતિ મુજબ આમા સુધારા કરવામાં આવશે. નાના કરદાતાઓની જ્યાં સુધી વાત છે તેમના ઉપર બોજને ઘટાડવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવશે. જેટલીએ અન્ય મુદ્દાઓ ઉપર પણ વિસ્તારપૂર્વક વાત કરી હતી. જેટલીના કહેવા મુજબ એક વખતે રેવેન્યુમાં નોંધપાત્ર સુધારો થયા બાદ સ્લેબમાં ઘટાડો કરવા જેવા વધુ મોટા સુધારા અંગે વિચારણા કરવામાં આવશે પરંતુ હાલમાં આવી કોઇ યોજના નથી. હાલમાં જીએસટી ચાર સ્લેબ ધરાવે છે જેમાં ઝીરોથી લઈને ૨૮ ટકા સુધીની રેંજમાં રેટના ચાર સ્લેબ સામેલ છે. અરુણ જેટલીએ કહ્યું છે કે, જે લોકો દેશના વિકાસની વાત કરી રહ્યા છે તેમને જરૂર પડવાની સ્થિતિમાં આની કિંમત પણ ચુકવવી

● અનુસંધાન પાન-૫ પર



**મારૂ જીવન, મારો સંદેશ** - સત્યના પ્રયોગોની અભિવ્યક્તિ દ્વારા યુગ પુરુષ બનવાનું સન્માન પ્રાપ્ત કરનાર મહાત્મા ગાંધી 'પૂ. બાપુ'ની જન્મજયંતિએ કોટિ કોટિ વંદન... સમગ્ર વિશ્વમાં સત્ય અને અહિંસાનો અસરકારક સંદેશ પ્રસરાવનાર મોહન કરમચંદ ગાંધી આજે વિશ્વ વંદનીય વિભૂતિમાં ગણના થાય છે એ ગુજરાતનું અને ભારતનું ગૌરવ છે... આઝાદી જંગની અનોખી લડાઈના મોહનમાંથી મહાત્મા બનનાર બાપુના ચરણોમાં સાદગીનું, સ્વચ્છતાનું અને સત્યપાલનનો સંકલ્પ સમર્પિત કરીએ એજ સાચી અંજલિ છે....

# પેટ્રોલિયમ પેદાશ GST હેઠળ લેવા ટૂંકમાં નિર્ણય

**જીએસટી કાઉન્સિલ દ્વારા નિર્ણય થશે**

નવીદિલ્હી, તા.૧

કેન્દ્રીય પેટ્રોલિયમ ધર્મેન્દ્ર પ્રધાને આજે કહ્યું હતું કે, ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સના છત્ર હેઠળ પેટ્રોલિયમ પેદાશોને લાવવા અંગે નિર્ણય જીએસટી કાઉન્સિલ દ્વારા કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, જો પેટ્રોલિયમ પેદાશો જીએસટીના છત્ર હેઠળ લઈ લેવામાં આવશે તો તમામ કસ્ટમરોને ખુબ મોટી રાહત થશે. ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે, પેટ્રોલિયમ પેદાશોની કિંમતોમાં ધીમે ધીમે સ્થિરતા આવી રહી છે. આ મામલો જીએસટી કાઉન્સિલમાં રજૂ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર જીએસટી હેઠળ આને લાવવા માટે ઈચ્છુક છે જેથી કસ્ટમરોને મોટી રાહત હાથ લાગી શકે છે.

# રોજગારી વધારવાની દિશામાં સરકારની તૈયારી

**ખાનગી કંપનીઓ પાકી નોકરી આપશે તો PF સરકાર ભરશે : કંપની યુવાનોને કાયમી રોજગારી આપશે તો તેમના પીએફમાં કંપની તરફથી જે પણ યોગદાન હશે તે બે વર્ષ સુધી સરકાર ભરશે : પ્રસ્તાવ પર વિચારણા**

નવી દિલ્હી,તા. ૧

દર વર્ષે બે કરોડ નવી નોકરી આપવાના વચન સાથે કેન્દ્રમાં આવેલી મોદી સરકાર નોકરીના મોરચે ચારેબાજુથી ઘેરાઈ ગઈ છે ત્યારે રોજગારી આપવાના તમામ પ્રયાસો હવે યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહ્યા છે. રોજગારી વધારવાના તમામ પ્રયાસો થયા હોવા છતાં અપેક્ષા મુજબની સફળતા ન મળતા હવે નોકરીઓને વધારવા માટે સરકાર કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લેવા જઈ રહી છે. આમા એક નિર્ણય એ પણ લેવામાં આવનાર છે કે જો કોઈ કંપની યુવાનોને વધારે કાયમી નોકરી આપશે તો તેમના પીએફમાં કંપની તરફથી જે પણ યોગદાન રહેશે તે સરકાર જ બે વર્ષ સુધી ભરી શકશે. આ પ્રસ્તાવ શ્રમ મંત્રાલય દ્વારા નાણામંત્રાલયને મોકલી દેવામાં આવ્યો છે. આના ઉપર સૈદ્ધાંતિક મંજુરી મળી ગઈ છે. રાહત પેકેજની જાહેરાતની સાથે અથવા તો મોડેથી આ યોજનાની જાહેરાત કરવામાં આવી શકે છે. મંદીનો માહોલ છવાયેલો છે ત્યારે અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા માટે રાહત પેકેજની જાહેરાત હવે કોઈપણ સમયે કરવામાં આવી શકે છે. શ્રમ મંત્રાલયના સુત્રોના કહેવા મુજબ જોબ વધારવાને લઈને જ્યારે કંપનીઓ સાથે વાતચીત કરવામાં આવી ત્યારે મોટાભાગની કંપનીઓએ કહ્યું હતું કે તે કાયમી નોકરી આટલા માટે આપી રહી નથી કે, આનાથી તેમના ઉપર નાણાંકીય બોજ વધી ગયો છે. આજ કારણસર અસ્થાયીરીતે યુવાનોની ભરતી કરવામાં આવી રહી છે. આ વાત સરકારને પણ હેરાન કરી રહી છે. અસ્થાયીરીતે ભરતીને માર્કેટ અને નિષ્ણાતો નોકરી તરીકે ગણતા નથી. તેમનું કહેવું છે કે, કંપનીઓ આવી ભરતી ત્રણ મહિના, છ મહિના અથવા વર્ષભર માટે કરે છે. મોડેથી નવા લોકોને નોકરી આપી દે છે.

# દિવાળી બાદ રાહુલની કોંગ્રેસ અધ્યક્ષ તરીકે તાજપોશી કરાશે

**રાહુલ ગાંધી પોતે પણ અધ્યક્ષ બનવા તૈયાર છે : પાયલોટ**

નવીદિલ્હી, તા.૧

સચિન પાયલોટે કહ્યું છે કે, રાહુલ ગાંધી દિવાળી બાદ કોઈપણ સમયે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે જાહેર થઈ જશે. રાજસ્થાન કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ સચિન પાયલોટને કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીના ખુબ જ નજીકના મિત્ર તરીકે ગણવામાં આવે છે. સચિન પાયલોટે ભારપૂર્વક કહ્યું છે કે, હવે સમય આવી ગયો છે જ્યારે રાહુલ સામે આવીને નેતૃત્વ કરવા માટે તૈયાર થાય. સચિન પાયલોટે વંશવાદની રાજનીતિ ઉપર પણ પોતાની પાર્ટીનો બચાવ કર્યો હતો. પાયલોટે કહ્યું હતું કે, કોઈપણ નેતાના અંતિમ નામને તેમની રાજનીતિમાં અયોગ્ય ઠેરવવા તરીકે લેવાની બાબત યોગ્ય નથી. સચિને એમ પણ કહ્યું હતું કે, કોઈપણ નેતાનું મૂલ્ય છેલ્લે તેમના પ્રદર્શનના આધાર ઉપર જ નક્કી થાય છે. પાયલોટે એમ પણ કહ્યું છે કે, રાહુલ ગાંધીને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવાની પ્રક્રિયા લાંબા સમયથી ચાલી રહી છે. સચિન પાયલોટે એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે, કોંગ્રેસમાં સંગઠનની ચૂંટણી ચાલી રહી છે. દિવાળી બાદ નવા અધ્યક્ષની પસંદગી કરી લેવામાં આવશે. આ ચૂંટણી લાંબા સમયથી પાઈપલાઈનમાં છે. પાર્ટીમાં સામાન્ય અભિપ્રાય છે કે, રાહુલ ગાંધીને જવાબદારી સોંપી દેવામાં આવે. પાર્ટીએ કહ્યું છે કે, રાહુલ હજુ પણ પાર્ટીના મોટાભાગના કામોને અંજામ આપી રહ્યા છે. હવે વિધિવતરીતે જવાબદારી સોંપી દેવા માટેનો સમય પણ આવી ગયો છે. રાહુલ ગાંધી પણ કહી ચુક્યા છે કે, અધ્યક્ષ તરીકેની જવાબદારી લેવા માટે તેઓ તૈયાર છે.

# રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના જન્મદિવસે શુભેચ્છાનો પ્રવાહ

નવીદિલ્હી, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને તેમના



૭૧માં જન્મદિવસના પ્રસંગે આજે શુભેચ્છા પાઠવી હતી. ગરીબો અને પછાત પ્રત્યે સંવેદનશીલતા લઈને તેમની પ્રશંસા પણ કરી હતી. વડાપ્રધાને એક નિવેદનમાં કહ્યું છે કે, રાષ્ટ્રપતિને તેઓ શુભકામના પાઠવે છે. ભગવાન તેમની દેશની સેવા પ્રત્યેની સમર્પણ ભાવનાને આગળ વધારે તેવી તેમની પ્રાર્થના છે. જ્યારથી તેમની અવધિ શરૂ થઈ છે રાષ્ટ્રપતિએ પોતાના સરળ અને દયાળુ સ્વભાવના કારણે તમામના મન જીતી લીધા છે.

મોદીએ કહ્યું હતું કે, હમેશા રાષ્ટ્રપતિએ ૧૨૫ કરોડ ભારતીયોની અપેક્ષાઓ પ્રત્યે સંવેદનશીલતા દર્શાવી છે. દેશના અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓએ પણ કોવિંદને શુભેચ્છાઓ પાઠવી છે. રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, બિહાર અને અન્ય સંબંધિત રાજ્યોના મુખ્યમંત્રીઓએ પણ કોવિંદને શુભેચ્છા પાઠવી છે. કોવિંદ ૨૫મી જુલાઈ ૨૦૧૭ના દિવસે ભારતના ૧૪માં રાષ્ટ્રપતિ તરીકે સત્તારુઢ થયા હતા.

# દેશભરના તબીબોના યુનિક રજિસ્ટ્રેશન નંબર ગોઠવાશે

**હવે દેશના બધા મેડિકલ પ્રેક્ટિસનરને યુનિક પરમાનેન્ટ રજિસ્ટ્રેશન નંબર આપીને સિંગલ સિસ્ટમ હેઠળ લવાશે : તબીબોની માહિતી એક જ જગ્યાએથી મળી શકશે**

ઔરંગાબાદ, તા. ૧

દેશભરના તબીબોની વિગતો હવે એક જ જગ્યાએથી સરળ રીતે ઉપલબ્ધ થઈ શકશે. આના માટે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ દેશના તમામ મેડિકલ પ્રેક્ટિસનરોને યુનિક પરમાનેન્ટ રજિસ્ટ્રેશન નંબર આપીને સિંગલ ડિજિટલ સિસ્ટમ હેઠળ લાવવાનો નિર્ણય કર્યો છે. એમસીઆઈનું કહેવું છે કે, ડુપ્લીકેટ રજિસ્ટ્રેશન, બનાવટી હોસ્પિટલ ઉપર અંકુશ મુકવા અને મેડિકલ પ્રેક્ટિસના નિયમનને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાયો છે. એમસીઆઈનું કહેવું છે કે, યુનિફોર્મ રજિસ્ટ્રેશન નંબર સિસ્ટમથી એવા તબીબોને મદદ મળે છે જે સ્થાન બદલી રહ્યા છે. બોગસ વ્યવસ્થાને રોકવાના હેતુસર આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. ઔરંગાબાદ સ્થિત ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના અધિકારી રમેશ રોહિવાલે કહ્યું છે કે, યુનિફોર્મ રજિસ્ટ્રેશન નંબર ઉપયોગી સાબિત થશે. રોહિવાલનું એમ પણ કહેવું છે કે, આ અગાઉ બીજા રાજ્યમાં જતા તબીબોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. કારણ કે તેઓ બીજા રાજ્યની મેડિકલ કાઉન્સિલમાં રજિસ્ટ્રર્ડ રહેતા હતા. યુનિક પર્માનેન્ટ રજિસ્ટ્રેશન નંબરથી આવા તબીબોને મદદ મળશે. આ ઉપરાંત તબીબોના રજિસ્ટ્રેશનની માહિતી હાસલ કરવામાં પણ સરળતા પડશે. મેડિકલ સાથે જોડાયેલી સંસ્થાઓએ આ પગલાનું સ્વાગત કર્યું છે.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધી જયંતિ ઉત્સવ
વિશેષ વળતર
૨જી ઓક્ટોબર થી ૩૧ માર્ચ
સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટ સંચાલિત
ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ વસ્ત્રાગાર તથા ખાદી સરિતા
ગુજરાત કોલેજ પ્લેગ્રાઉન્ડ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૯, ફોન : ૨૬૪૨૩૬૮૨-૨૬૫૬૩૫૪૨, ખાદી સરિતા ફોન : ૨૬૫૬૯૦૦૯
▸ ખાદી ગ્રામોદ્યોગ ભવન : 'નવદીપ' આકાશવાળી સામે, ફોન : ૨૭૫૪૦૫૮૪
▸ ખાદી ગ્રામોદ્યોગ ભવન : સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન : ૨૩૨૨૨૩૩૩
▸ ખાદી ગ્રામોદ્યોગ ભવન : કિર્તીસ્થંભ પાસે, પાલનપુર. ફોન : ૦૨૭૪૨-૨૫૪૦૫૭
ગૃહલક્ષ્મી 'નવદીપ' આકાશવાળી સામે, ફોન : ૨૭૫૪૦૫૮૪
ગૃહ વસ્તુ ભંડાર સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૨૩૩૩
રસોઈ માધ્યમની તમામ ગૃહ ઉપયોગી શુદ્ધ વસ્તુઓ માટે
ખાદીમાં ડેનીમ જીન્સ આધુનીક રેડીમેઈડ ગારમેન્ટ
સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સંચાલિત તમામ ભવન-ભંડારો દિવાળી સુધી સવારે ૧૦ થી રાત્રીનાં ૮ સુધી ખુલ્લા રહેશે.
તા. 8, 15, ઓક્ટોબર-17 રવિવારનાં સૌ.ર.સમિતિનાં તમામ કેન્દ્રો ચાલુ રહેશે.
સુતી-ઉની-રેશમ ખાદીમાં 10% થી 20% સુધી વળતર
સૌરસ સાબુ (ISO સર્ટીફાઈડ) ન્હાવા તથા ધોવામાં ઉપયોગી
• શુદ્ધતામાં સર્વશ્રેષ્ઠ • ચરબી રહિત (વ્યાપારીક પુછપરછ આવકાર્ય) 079-25834770
વોશીંગ મશીન માટે પાવડર તથા લીક્વીડ શોપ
હલ્દી-ચંદન, ગુલાબ અને એલોવીરાનાં ૧૦૦ ગ્રામમાં સાદા અને ગ્લીસરીનનાં ન્હાવાના સાબુ.
• શુટીંગ-શર્ટીંગ • સાડી • ડ્રેસ મટીરીયલ્સ • રેડીમેઈડ કપડા • નેપકીન • ચાદર • આસન • શેત્રંજી • છીંટ • ટ્રેપેસ્ટ્રી
તમામ પ્રોડક્ટ વ્યાજબી દરે
ખાદી અપનાવીએ - પર્યાવરણની રક્ષા કરીએ

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

I will not let anyone walk through my mind with their dirty feet
स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर
The Future Depends on what you do TODAY
- Mahatma Gandhi
Keep your TEETH healthy by maintaining hygiene regularly and visit your dentist twice a year.
- HELP -
: MORNING : 10 am to 1 pm
: EVENING : 5 pm to 8 pm
Dr. Mihir Pandya M.D.S. (ENDODONTICS), M.B.A.
Dr. Bindi Pandya M.D.S. (ORAL PATHOLOGY), M.B.A.
SHRADDHADEEP DENTAL CLINIC
Multi Speciality Polyclinic | Oral Health Care & Implant Center
Plot No. 259/2, Sector No. 2/B, Nr. GH-0 Cross Road, Gandhinagar
Phone No. 079-23222475, Mobile No. 9913377282